એક્સપ્રેસ હાઈવે કનેક્ટિવિટી બાદ હાંસોટમાં દબાણો દૂર કરાયાં

ભરૂચઃ હાંસોટમાં હવે દબાણ હટાવો ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. મુખ્ય માર્ગને અડીને ઊભાં કરાયેલાં ગેરકાયદે દબાણો સામે વહીવટી તંત્ર અને નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા ઓપરેશન ડિમોલિશન હાથ ધરવામાં આવતાં સળવળાટ ઊભો થયો છે.

એક્સપ્રેસ હાઈવેની કનેક્ટિવિટી મળ્યા બાદ આ માર્ગ પર વાહનોનું ભારણ વધ્યું છે. અકસ્માતનો ભય અને ટ્રાફિકમાં અડચણરૂપ બનતાં દબાણ દૂર કરવાની કામગીરી દરમિયાન અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસનો કડક બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો હતો. તંત્રની કાર્યવાહી દરમિયાન મુખ્ય માર્ગ પર ટ્રાફિકને અડચણ રૂપ દબાણો દૂર કરવામાં આવ્યાં છે. જેથી મુસાફરોને તકલીફ ન પડે અને માર્ગ પર સલામતી અને સુચારુ આવાગમન જળવાઈ રહે તેની કાળજી લેવામાં આવી છે. સરકારી વિભાગની કાર્યવાહી સામે રેકડી ચલાવતા ગરીબ લોકોમાં નારાજગી ઉદભવી હતી.

વહેવલની કંપની સામે કામદારોનો વિરોધ

એબ્સ્યુલેટ RG ઈક્વિપમેન્ટ્સ સામે શ્રમિક શોષણના ગંભીર આક્ષેપો સાથે ગેટ પર ધરણાની ચીમકી

PF, ESI, પગાર સ્લીપ સહિત મૂળભૂત સુવિધાઓ ન અપાતી હોવાના આક્ષેપ

સમસ્યાનું નિરાકરણ ન આવે ત્યાં સુધી કંપનીમાં પ્રવેશ રોકવાની ચેતવણી

ભરૂચઃ જંબુસરના વહેલમ ગામે આવેલી એબ્સ્યુલેટ RG ઈક્વિપમેન્ટ્સ પ્રા. લિ. કંપનીમાં કામદારોનું વ્યાપક શોષણ થતું હોવાના ગંભીર આક્ષેપ સાથે અંદાજે 30 જેટલા કામદારોએ વિરોધ નોંધાવ્યો છે. કામદારોનો આરોપ છે કે, કંપની દ્વારા સરકારના નીતિ-નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે અને કામદારોને ફરજિયાત સુવિધાઓથી વંચિત રાખવામાં આવી રહ્યા છે.

કામદારોના જણાવ્યા મુજબ કંપની દ્વારા PF, ESI કાર્ડ, પગાર સ્લીપ, વાર્ષિક ઈન્ક્રીમેન્ટ, બોનસ જેવી કાયદેસર સુવિધાઓ આપવામાં આવતી નથી. ઉપરાંત ફાયર સેફ્ટી વ્યવસ્થા, કેન્ટીન, મેડિકલ જેવી મૂળભૂત સગવડો પણ ઉપલબ્ધ ન હોવાને કારણે કામદારોના જીવ અને આરોગ્ય સાથે ગંભીર બેદરકારી દાખવવામાં આવી રહી છે. કંપની મેનેજમેન્ટ દ્વારા ગેરવહીવટ ચાલી રહી હોવાનો પણ કામદારોએ આક્ષેપ કર્યો છે. કંપનીના માલિકો અને મેનેજમેન્ટ કોઈપણ સરકારી અધિકારીની ભીતિ રાખ્યા વગર મનમાની રીતે કામદારોનું શોષણ કરી રહ્યા હોવાનો આરોપ લગાવવામાં આવ્યો છે.

આ મુદ્દે કામદારોના હક માટે અવાજ ઉઠાવતા સંગઠનના વિકી શ્રીમાળીએ કામદારો સાથે મળીને કંપની મેનેજમેન્ટ સાથે ચર્ચા કરવા પ્રયાસ કર્યો હતો. કંપની દ્વારા તેમને ગેટ પર બોલાવવામાં આવ્યા બાદ અંદર આવીને ચર્ચા કરવા કહેવામાં આવ્યું હતું, પરંતુ વિકી શ્રીમાળીએ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે સ્થાનિક સરપંચ સાથે સંયુક્ત બેઠક યોજાશે તો જ ચર્ચા શક્ય બનશે. આ વાતને લઈને તણાવનું વાતાવરણ સર્જાયું હતું.

વિકી શ્રીમાળીએ કામદારોને સાથે રાખીને ચેતવણી આપી હતી કે જો આવતીકાલે કંપની સ્ટાફ અથવા માલિક દ્વારા કામદારોની સમસ્યાનું યોગ્ય નિરાકરણ લાવી તેમને ફરી કંપનીમાં પરત લેવામાં નહીં આવે, તો કંપનીની બહાર બેસી કોઈપણ વ્યક્તિને કંપનીમાં પ્રવેશ કરવાની મંજૂરી આપવામાં નહીં આવે. આ સમગ્ર ઘટનાક્રમમાં કામદારોના હકના મુદ્દે સંબંધિત અધિકારીઓની ભૂમિકા પર પણ શંકા ઊભી થતી હોવાનું ચર્ચાનો વિષય બન્યું છે.

અવાદર ગામમાં ભેંસોએ ખેતરમાં ભેલાણ કરતાં દોઢ લાખનું નુકસાન

ટોરોને ખેતરમાંથી હાંકતાં ભરવાડના વાડામાં જઈને ઊભી રહી, બે ભરવાડ સામે ફરિયાદ

અંકલેશ્વરઃ અંકલેશ્વરના અવાદરમાં ભરવાડોની ભેંસોએ ખેડૂતના ખેતરમાં ઘૂસી કપાસ અને તુવેરના ઊભા પાકને ચરી જતાં આશરે દોઢ લાખ રૂપિયાનું નુકસાન થતાં બે સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદ ચંદ્રકાંતભાઈ સરાધભાઈ વસાવા (રહે.,અવાદર ગામ, વડ ફળિયુ, તા.અંકલેશ્વર) એ અંકલેશ્વર પોલીસ પાસે નોંધાવી છે. ફરિયાદ મુજબ અવાદર ગામ સીમની ખાતા નં.198ની વડીલોપાર્જિત જમીનમાં ચંદ્રકાંતભાઈ સહિત તેમના કાકાના દીકરા નવીનભાઈ સમજુભાઈ વસાવા, રવજીભાઈ રતિલાલભાઈ વસાવા, મહેન્દ્રભાઈ ભાણાભાઈ વસાવા તથા કાકી સુકીબેન જાનીયાભાઈ વસાવા અલગ-અલગ હિસ્સામાં ખેતી કરે છે અને તેમાં કપાસ તથા તુવેરનું વાવેતર કરેલું છે. આશરે પાંચ મહિના પહેલા વાવેલા આ પાકની હાલ કાપણીની તૈયારી ચાલી રહી હતી, ત્યારે સોમવારે બપોર બાદ ભેંસો ખેતરમાં ઘૂસી ગઈ હતી. ઘટના દિવસે સવારે નવ વાગ્યાથી ચંદ્રકાંતભાઈ, તેમની પત્ની લીલાબેન, બહેન રેખાબેન-કમળાબેન, કાકી સુકીબેન તથા કાકાનો દીકરો મહેન્દ્ર ખેતરમાં કપાસ વીણવાનું કામ કરતાં હતાં. સાંજે ચંદ્રકાંતભાઈ કમળાબેનને ઘરે મૂકવા ગયાં હતાં ત્યારે થોડીવારમાં ખેતરમાં ઢોર ઘૂસી જવાનો હકીકત જાણવા મળી હતી. તેઓ તત્કાળ ખેતરે પાછા ફર્યા ત્યારે આશરે 20થી 25 ભેંસ ખેતરમાં ગમે તેમ દોડતી અને કપાસ-તુવેરના ઊભા પાકને નુકસાન કરતી જોવા મળી હતી. ફરિયાદી પક્ષે ભેંસોને ખેતર બહાર કાઢતાં તે દોડી જઈ બાજુમાં આવેલા વાડા પાસે જઈ ઊભી રહી હતી. જે વાડો ઝાલાભાઈ રાણાભાઈ ભરવાડ અને તેમના પુત્ર જગદીશ ભરવાડનો હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ છે. ઘટનાની જાણ થતાં ચંદ્રકાંતભાઈએ તાત્કાલિક 112 ઈમર્જન્સી નંબર પર કોલ કર્યો હતો. પોલીસ દળ ઘટના સ્થળે પહોંચ્યું, એ દરમિયાન જગદીશ ભરવાડ ત્યાં આવી સમાધાન કરવાની વાત કરતો હોવાનો પણ ફરિયાદમાં આક્ષેપ કરાયો છે. ફરિયાદ મુજબ આરોપી ઝાલાભાઈ રાણાભાઈ ભરવાડ તથા જગદીશ ઝાલાભાઈ ભરવાડની માલિકીની આશરે 20-25 ભેંસોએ ફરિયાદી તથા તેમના સગાસંબંધીઓના હિસ્સાનાં ખેતરોમાં ઘુસાડી 'ભેલાણ' કરીને કપાસ તથા તુવેરના ઊભા પાકને કુલ આશરે દોઢ લાખ રૂપિયાનું આર્થિક નુકસાન પહોંચાડ્યું છે. પોલીસે બંને સામે પ્રાણીઓ દ્વારા પાકને નુકસાન પહોંચાડવાના ગુનાની ધોરણસર નોંધ લઈ આગળની તપાસ હાથ ધરી છે.

ગડખોલનાં સરપંચ મંજુલા પટેલ પુનઃ સત્તા પર આરૂઢ

રૂ.1.16 કરોડની ઉચાપતના આક્ષેપ હતા, હાઇકોર્ટના આદેશથી ફરી ચાર્જ સંભાળ્યો

અંકલેશ્વરઃ અંકલેશ્વરની ગડખોલ ગ્રામ પંચાયતનાં પૂર્વ સરપંચ મંજુલાબેન પટેલે હાઇકોર્ટના આદેશ બાદ ફરી એકવાર સરપંચ પદનો કાર્યભાર સંભાળ્યો છે. અગાઉ તેમના સામે રૂ.૧.૧૬ કરોડની ઉચાપતના આક્ષેપોને પગલે તેમને પદભ્રષ્ટ કરવામાં આવ્યાં હતાં.

ત્રણ વર્ષ અગાઉ અંકલેશ્વરના તાલુકા વિકાસ અધિકારી દ્વારા બી ડિવિઝન પોલીસ મથકમાં ગડખોલ ગ્રામ પંચાયતનાં તત્કાલીન સરપંચ મંજુલાબેન પટેલ તથા અન્ય સંડોવાયેલા લોકો સામે રૂ.1.16 કરોડની ઉચાપત અંગે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ફરિયાદ મુજબ ડિજિટલ સિગ્નેચર સર્ટિફિકેટ (DSC) કીનો દુરુપયોગ કરી કુલ 43 વિકાસ કામોનાં ચૂકવણાં કરવામાં આવ્યા હોવાનો આરોપ હતો. આ મામલે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સરપંચ મંજુલાબેન પટેલ તથા તલાટી-કમ-મંત્રીને સસ્પેન્ડ કરવામાં આવ્યાં હતાં. જો કે, આ સસ્પેન્શનના નિર્ણય સામે મંજુલાબેન પટેલે હાઇકોર્ટમાં અરજી દાખલ કરી હતી. હાઇકોર્ટે સમગ્ર મામલે સુનાવણી કર્યા બાદ સસ્પેન્શનનો આદેશ રદ કરી મંજુલાબેન પટેલને ફરી સરપંચ પદે નિયુક્ત કરવાનો આદેશ આપ્યો હતો. હાઇકોર્ટના આદેશના અનુસંધાને આજે તા.30 ડિસેમ્બરના રોજ મંજુલાબેન પટેલે ગડખોલ ગ્રામ પંચાયતના સરપંચ તરીકે ફરીથી પદભાર સંભાળ્યો હતો.

વટારિયાની ગણેશ સુગરમાં 39મી વાર્ષિક સાધારણ સભા મળી

ભરૂચઃ વટારિયામાં આવેલી શ્રી ગણેશ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળીની વર્ષ-2024-25ની 39મી વાર્ષિક સાધારણ સભા ચેરમેન મહેન્દ્રસિંહ મહિડાની અધ્યક્ષતામાં મળી હતી.

આ સભામાં કમિટી સભ્ય હરેન્દ્રસિંહ ખેર, જયદીપસિંહ પરમાર, નિલેશકુમાર પટેલ, કિરણભાઈ પટેલ, જિતેન્દ્રસિંહ જાદવ,વાલિયા APMC ચેરમેન યોગેન્દ્રસિંહ મહીડા, માજી ડિરેક્ટરો હેતલભાઈ પટેલ, ઈશ્વરસિંહ ખેર, સુરેન્દ્રસિંહ પરમાર, જમિયતભાઈ પટેલ, ઇ.મેનેજિંગ ડિરેક્ટર અમરસિંહ રણા,વાલીયા ભાજપ પ્રમુખ પ્રતિકસિંહ ગોહિલ સહીત મોટી સંખ્યામાં ખેડૂત સભાસદો, ખેડૂત આગેવાનો સહિત સંસ્થાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સંસ્થાના ચેરમેન મહેન્દ્રસિંહ મહીડાએ હાજર સૌ કોઈનું સ્વાગત કરી કસ્ટોડિયન કમિટીના અહેવાલથી વર્ષના વહીવટનો સભાસદો સમક્ષ ચિતાર આપ્યો હતો, જેમાં સહકારી ભાવનાથી સભાસદો જ સંસ્થાની મૂડી છે.તેઓના હિતમાં કામ કરવાની અમારી ફરજ છે. સાધારણ સભાના એજન્ડાનાં તમામ કામો સભાસદોએ સર્વાનુમતે મંજૂર કર્યા હતા. વર્ષ 2024-25માં એક એકરમાં વધુ ઉત્પાદન મેળવેલા સભાસદોને ઉપસ્થિત સહકારી આગેવાનોનાં હસ્તે ઇનામ વિતરણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. સાધારણ સભાની વિશેષતામાં એ હતું કે,એક પણ પ્રશ્ન કસ્ટોડિયન કમિટીના વહીવટ સામે ઉપસ્થિત ન થતાં સાધારણ સભા ખૂબ જ શાંતિપૂર્ણ વાતાવરણમાં પૂરી થઈ હતી.

દેશાડમાં સોલાર પ્લાન્ટમાંથી તસ્કરો કેબલ ચોરી કરી ગયા

ભરૂચઃ એક મહિના પહેલા વાલિયાના દેશાડ ગામે એક સોલાર પ્લાન્ટમાં કેબલ, પાઈપ અને કનેક્ટર્સ મળીને 96 હજાર મત્તાનો કોઈક જાણભેદુ તસ્કર ચોરી કરી જતાં વાલિયા પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

વાલિયાની ગાયત્રીનગરમાં રહેતા રાહુલભાઈ અમૃતભાઈ ચૌધરી વાલિયા-દેશાડ રોડ પર આવેલા સાનિકા ઈન્ડસ્ટ્રિઝ સોલાર પ્લાન્ટમાં સાઈટ એન્જિનિયર તરીકે નોકરી કરે છે. આ પ્લાન્ટમાં બે ટેક્નિશિયન અને ચાર સિક્યુરિટી પણ નોકરી કરે છે. ગત તા.27 નવેમ્બર-2025ના રોજ સવારે સોલાર પ્લાન્ટમાં આઈ સોલાર કલાઉ એપ્લિકેશન ચાલુ કરતા સોલાર પ્લાન્ટ નં.9નું ઈન્વટર બંધ બતાવતું હતું, જેમાં સુપરવાઈઝર સાથે ચેક કરતા સોલાર પ્લેટો સુધીના લગાવેલા DC કેબલ કુલ લંબાઈ-660 મીટર કિં.રૂ.25,740 મતા કાપી ચોરી કરી ગયા હતા. બીજો અન્ય DC કેબલ 1640 મીટર કિં.રૂ.63,960, કોન્ડુયટ પાઈપ 1000 મીટર કિં.રૂ.25,000, એસ.સી 4 કનેક્ટર્સ નંગ-200 કિં.રૂ.7000 મળી કુલ રૂ.95,960 ચોરી ગયા હતા. તેઓએ ઓપરેશન એન્ડ મેઈન્ટેનન્સ ટીમ સાથે વાત કરવાનું બાકી હોવાથી ફરિયાદ મોડી કરી છે. વાલિયા પોલીસમાં ગુનો નોંધવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ પંથકમાં ઘણી વખત સોલાર પ્લાન્ટને ટાર્ગેટ કરીને ચોરી કરવાની ઘટના બનતી હોય છે. જે પોલીસ સહિત તમામ માટે પડકારજનક છે.

અંકલેશ્વર પોલીસ લાઈનમાં યોગ શિબિર યોજાઈ

અંકલેશ્વરઃ અંકલેશ્વર પોલીસ લાઈનમાં બ્રહ્મકુમારીઝ દ્વારા રાજયોગ મેડિટેશન શિબિર યોજાઈ હતી, જેમા પોલીસકર્મીઓ દ્વારા યોગા કરવામાં આવ્યા હતા. અંકલેશ્વર પોલીસ લાઈન ખાતે નાયબ પોલીસવડા કુશલ ઓઝા અને બ્રહ્મકુમારીઝ નીમાબેનના માર્ગદર્શન હેઠળ રાજયોગ મેડિટેશન શિબિરનું આયોજન થયું હતું.

ઉંભેળમાં બાઈકને અડફેટે લઈ કાર પલટી

ઈકો કારમાં બેસેલી મહિલાને ઈજા

કામરેજઃ ઉંભેળ ગામની હદમાં ઈકો કાર ચાલકે બાઈક સવારને અડફેટે લઈ ઈકો કાર પલટી મારી ગઈ હતી.

મૂળ મહારાષ્ટ્રના નંદુરબારના આમલાનના વતની અને હાલ પલસાણાના વાંકાનેડા ગામે પાટીચાલમાં શિવશક્તિ એપાર્ટમેન્ટમાં રૂમ નં.106માં રહીને સેન્ટિંગનું કામ કરતાં આબેદ અલી જમારૂદીન મોહમદ (ઉં.વ.45) પોતાની હોન્ડા સાઈન બાઈક નં.(જીજે 05 એચસી 6390) લઈને ઓલપાડના સાયણ ખાતે સેન્ટિંગના કામ માટે સોમવારે સવારે જઈ રહ્યા હતા. ત્યારે કામરેજના ઉંભેળની હદમાં મુંબઈ-અમદાવાદ ને.હા.નં.48 પર ખેતેશ્વર હોટલની સામે આશરે 7.45 કલાકે બાઈક સવારને મારુતિ ઈકો કાર નં.(જીજે 37 બી 9355) ના ચાલકે અડફેટે લેતાં બાઈક ચાલક રોડ પર પટકાયો હતો. તેના શરીર પરથી ઈકો કારનું ટાયર ફરી જતાં ગંભીર ઈજા થઈ હતી. ઈકો કાર અકસ્માતને લઈ પલટી મારી જતાં ઈકોમાં સવાર ચાર લોકો અને એક બાળક સવાર પૈકી એક મહિલાને ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યારે બાઈક ચાલકનું મોત નીપજ્યું હતું. જે અંગે મરનારની પત્નીએ ઈકોના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી.

સંક્ષિપ્ત સમાચાર

રૂપવાડા ઈલેવન ક્રિકેટમાં વિજેતા

માંડવીઃ દક્ષિણ ગુજરાત સમસ્ત ચૌધરી સમાજ દ્વારા યુવાનોમાં સેવા, સહકાર અને સંગઠનની ભાવના કેળવાય તેવા ઉમદા હેતુથી દર વર્ષની જેમ આ વર્ષે પણ ૧૫મી 'ફેડરેશન કપ' ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન નગરપાલિકા ગ્રાઉન્ડ તથા ગોડસંબા અને અમલસાડી ગ્રાઉન્ડ ખાતે રમાયેલી આ ટુર્નામેન્ટમાં વિવિધ તાલુકા યુનિટોની કુલ 28 ટીમે ભાગ લીધો હતો. ફાઈનલ મેચમાં વ્યારાની રૂપવાડા ઈલેવન ટીમ ચેમ્પિયન બની હતી. આ વિજેતા ટીમને સમાજ તરફથી ટ્રોફી સહિત રૂ.15 હજારનું ઇનામ આપવામાં આવ્યું હતું. જ્યારે રનર્સઅપ મહુવાની ટીમને પણ ટ્રોફી સહિત રૂ.10 હજારનું ઇનામ આપી ખેલાડીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સમાજના નિવૃત્ત ડેપ્યુટી કલેક્ટર ડી.આઇ.પટેલ, નિવૃત્ત ડાયરેક્ટર (ઇન્ડસ્ટ્રિયલ સેફ્ટી એન્ડ હેલ્થ) ડી.સી.ચૌધરી, પ્રમુખ વસંતભાઈ ચૌધરી, મહામંત્રી પ્રભુદાસભાઇ ચૌધરી તથા ગીરીશભાઈ ચૌધરી, ચંદુભાઇ ચૌધરી, શંકરભાઈ ચૌધરી સહિતના સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર ટુર્નામેન્ટનું સંચાલન કન્વીનર નીતિન વી.ચૌધરી અને સહ-કન્વીનર સેવજીભાઈ ચૌધરીએ કર્યું હતું.

અંકલેશ્વરના ભાદી ગામની વાડીમાં દીપડાએ વાછરડીનો શિકાર કર્યો

અંકલેશ્વરઃ અંકલેશ્વરના ભાદી ગામે દીપડાના આતંકની વધુ એક ઘટના સામે આવી છે. ગામના મુનવ્વર પટેલની વાડીમાં દીપડાએ બાંધેલી વાછરડીનો શિકાર કરી તેને ફાડી ખાધી હતી. ગત તા.7મી નવેમ્બરના રોજ જ વન વિભાગ દ્વારા આ જ વાડીમાંથી એક દીપડાને ઝડપી પાડવામાં આવ્યો હતો. તે પહેલ પણ અહીંથી કુલ ચાર દીપડાને પાંજરે પૂરવામાં આવ્યા હતા. તેમ છતાં દોઢ મહિનામાં જ ફરી દીપડાના હુમલાની ઘટના સામે આવતાં ગ્રામજનોમાં ભયનો માહોલ ફેલાયો છે. સવારે વાડીના સંચાલકને ઘટનાની જાણ થતાં તાત્કાલિક વન વિભાગને માહિતી આપવામાં આવી હતી. બનાવની ગંભીરતા ધ્યાને લઈ વન વિભાગ દ્વારા દીપડાને ઝડપી પાડવા માટે પાંજરું મૂકવામાં આવ્યું છે. આ વાડી વિસ્તારમાં વારંવાર દીપડાની હાજરી જોવા મળતાં ભાદી ગામના રહેવાસીઓમાં ભય અને ચિંતા વ્યાપી ગઈ છે તથા વન વિભાગ પાસેથી કાયમી પગલાં ભરવાની માંગ ઊઠી રહી છે.

નિઝરમાં તાપી જિલ્લા પોલીસનો લોકદરબાર

કુકરમુંડાઃ નિઝર તાલુકાના નિઝર પોલીસ સ્ટેશન અને રૂમકીતળાવ ગામ ખાતે તાપી જિલ્લા પોલીસ અધિક્ષક જે.એન.દેસાઈના અધ્યક્ષસ્થાને વર્ષ-૨૦૨૫ની વાર્ષિક તપાસણી તેમજ ગ્રામજનોની ફરિયાદો-પ્રશ્નોની સુનાવણી માટે લોકદરબાર યોજાયો હતો. લોકદરબારમાં ગ્રામ આગેવાનો દ્વારા તાપી અધિક્ષકનું ફૂલ ગુલદસ્તો અને શાલ ઓઢાવી સ્વાગત કરવામાં આવ્યું હતું. ગ્રામજનો દ્વારા ખેતીવાડી વિસ્તારોમાં કેબલ, મોટર અને સાધનોની ચોરી મોટી સમસ્યા હોવાનું જણાવાઈ, જેને અટકાવવા સીસીટીવી કેમેરા લગાવવાની મંજૂરી આપવા માંગ કરવામાં આવી હતી. અધિક્ષકે આ મુદ્દો જિલ્લામાં રજૂ કરવા જણાવ્યું હતું. સાથે જ બાઇક અકસ્માતો વધતા હેલ્મેટ ફરજિયાત પહેરવા અને કાયદો-સલામતીમાં સમાજ સહયોગની અપીલ કરી હતી.

અંકલેશ્વરમાં માં શારદામણી દેવીની જન્મતિથિ નિમિત્તે વ્યાખ્યાન યોજાયું

અંકલેશ્વરઃ અંકલેશ્વર ખાતે શ્રી મા શારદામણી દેવીની જન્મતિથિ નિમિત્તે રામકૃષ્ણ વિવેકાનંદ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સ્મૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં અનુયાયીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે રામકૃષ્ણ મિશન, ભૂજના અધ્યક્ષ સ્વામી સુપાનંદજીએ ઉપસ્થિત રહી મા શારદામણી દેવીના જીવન, કાર્ય અને સંદેશ પર વક્તવ્ય આપ્યું હતું. આ કાર્યક્રમમાં વિશેષ અતિથિ તરીકે કે.શ્રીવત્સન તથા ગીતાબેન શ્રીવત્સન ઉપસ્થિતિ રહ્યાં હતાં.

ભરૂચમાં કનૈયાલાલ મુનશીનો જન્મદિન ઉજવાયો

ભરૂચઃ 'ગુજરાતનો નાથ', 'જય સોમનાથ', 'રાજાધિરાજ',પાટણની પ્રભુતા સહિતના સર્જનોના સર્જક અને ભરૂચ પનોતાપુત્ર કનૈયાલાલ માણેકલાલ મુનશીનો મંગળવારે 148મી જન્મદિન હતો. કનૈયાલાલ માણેકલાલ મુનશીનો જન્મ ભરૂચ ખાતે તા.30મી ડિસેમ્બર-1877ના રોજ થયો હતો. આજે ગુજરાત સાહિત્યમાં અમર છે. મંગળવારે તેમના જન્મદિને ભરૂચની ભારતી વિદ્યામંદિરના ધોરણ આઠ અને ધોરણ દસના બાળકોએ કનૈયાલાલ માણેકલાલ મુનશીનું જીવન દર્શન વાંચ્યું હતું. ભરૂચ કે.જે.ચોકસી પબ્લિક લાઇબ્રેરીના ગ્રંથપાલ નરેન સોનારે કહ્યું કે, આવનાર દિવસોમાં નવી પેઢીને આપણા દેશના ખરા અર્થમાં "ભારત રત્નો" વિશે વિસ્તૃતમાં જાણકારી નહીં આપીએ તો નવી પેઢી આવનારના દસ વર્ષમાં ઘણુબધું એવું ગુમાવી બેસશે. આ જ સમય છે કે નવી પેઢીને દેશનો ઈતિહાસ, દેશની સંસ્કૃતિ, દેશના માટે સ્વત્રતાવીરોએ આપેલ બલિદાન વિષે ભારપૂર્વક જણાવવામાં નહીં આવશે તો તેઓ માત્ર ઈન્ટરનેટના માધ્યમથી જળ, સ્થળની માહિતી મેળવતા રહી જશે.

નર્મદા મૈયા બ્રિજના આર.સી.સી રોડ પર તિરાડો, વાહનચાલકોમાં ચિંતા

અંકલેશ્વરઃ ભરૂચથી અંકલેશ્વરને જોડતા મહત્ત્વપૂર્ણ નર્મદા મૈયા બ્રિજ પર આવેલા આર.સી.સી. રોડ પર તિરાડો પડવાની શરૂઆત થતાં વાહનચાલકોમાં ચિંતા ફેલાઈ છે. કરોડો રૂપિયાના ખર્ચે વર્ષ-2021માં જાહેર ઉપયોગ માટે ખુલ્લો મુકાયેલા આ બ્રિજના રોડ પર ટૂંકા ગાળામાં જ તિરાડો દેખાવા લાગી છે, જે બ્રિજની ગુણવત્તા અંગે પ્રશ્નો ઊભા કરે છે. ભરૂચ તરફથી અંકલેશ્વર આવતા માર્ગ પર આર.સી.સી. રોડના અનેક ભાગોમાં સ્પષ્ટ તિરાડો નજરે પડી રહી છે. દરરોજ હજારો વાહનો આ બ્રિજ પરથી પસાર થતા હોવાથી કોઈ અનિચ્છનીય ઘટના ન બને એ માટે સમયસર પગલા લેવાં જરૂરી બન્યું છે. સ્થાનિક લોકો અને વાહનચાલકો દ્વારા માંગ ઊઠી છે કે વહેલામાં વહેલી તકે બ્રિજના આર.સી.સી. રોડ પર પડેલી તિરાડોનું રિપેરિંગ કરવામાં આવે. જેથી વાહન વ્યવહાર સલામત રહે અને ભવિષ્યમાં કોઈ ગંભીર જોખમ ટાળી શકાય.